
# દ.ગુજરાતમાં મેઘાની એન્ટ્રી પણ મહેરની જોવાતી રાહ

## ડાંગના સેંદવડ- ગારખડી પંથકમાં ધોધમાર વરસાદથી પૂર્ણા નદી બે કાંઠે

**સેંદવડના** ગાઢ જંગલમાં વરસતા વરસાદના પાણીથી પૂર્ણા નદીમાં નવાં નીરની આવક



ગિરીશ ભોયે

સાપુતારા: જિલ્લાના સુબિર તાલુકાના ગારખડી અને તેની ઉપરવાસમાં આવેલા સેંદવડના ગાઢ જંગલમાં પડેલા ધોધમાર વરસાદને પગલે સ્થાનિક નદી-નાળાઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઇ છે, જેમાં ખાસ કરીને પૂર્ણા નદીમાં નવા નીરની વ્યાપક આવક થઈ છે.ડાંગ જિલ્લાના સેંદવડના ડુંગરાળ અને પહાડી જંગલ વિસ્તારમાંથી ઉદગમ સ્થાન ધરાવતી પૂર્ણા નદી, ગારખડી ગામ પાસેથી પસાર થાય છે. ઉપરવાસના ડુંગરાઓમાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે આ નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ છે કે પૂર્ણા નદી હાલમાં બંને કાંઠે વહેતી થઈ ગઈ છે. ડાંગના આ અંતરિયાળ જંગલ વિસ્તારોમાં થયેલા સાર્વત્રિક વરસાદથી ધરતીપુત્રોમાં પણ ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાનાં સાપુતારા, આહવા, વઘઈ, સુબિર સહિત પૂર્વ પટ્ટીના અનેક વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

ડાંગ જિલ્લાનાં વઘઇ પંથકમાં મધ્યમ વરસાદ પડતા માર્ગો પર પાણીની રેલમછેલ ફરી વળી હતી.

## નવસારીમાં સરેરાશ માત્ર 16 મીમી વરસાદથી ખેડૂતોમાં ચિંતા, વાવણી પર સંકટનાં વાદળો

નવસારી: જૂન મહિનો અંતિમ સપ્તાહમાં પ્રવેશી ગયો હોવા છતાં નવસારી જિલ્લામાં ચોમાસું હજુ સુધી પૂરજોશમાં સક્રિય બન્યું નથી. જિલ્લાના 6 તાલુકાઓમાં સરેરાશ માત્ર 16 મીમી વરસાદ નોંધાતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. અનેક ગામોમાં વાવણીની કામગીરી અટવાઈ ગઈ છે.

જિલ્લા નિયંત્રણ કક્ષાના આંકડા મુજબ નવસારી તાલુકામાં માત્ર 2 મીમી, જલાલપોરમાં 7 મીમી, ગણદેવીમાં 6 મીમી, ચીખલીમાં 1 મીમી, વાંસદામાં 4 મીમી અને ખેરગામમાં 13 મીમી વરસાદ નોંધાયો છે. સમગ્ર જિલ્લામાં સરેરાશ વરસાદનો આંકડો માત્ર 16 મીમી સુધી સીમિત રહેતા ખેડૂતોમાં નિરાશા જોવા મળી રહી છે. જોકે ચીખલી તાલુકામાં સિઝનનો કુલ 44 મીમી વરસાદ નોંધાયો છે, પરંતુ જિલ્લાના અન્ય વિસ્તારોમાં હજુ પણ સંતોષકારક વરસાદનો અભાવ છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ ડાંગર સહિતના ચોમાસુ પાકોની વાવણી માટે પૂરતો વરસાદ અનિવાર્ય છે. વરસાદ ખેંચાતા અનેક ખેડૂતો વાવણીનો નિર્ણય મુલતવી રાખવા મજબૂર બન્યા છે. જો આગામી દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ખેતી ખર્ચ વધવાની સાથે ઉત્પાદન પર પણ ગંભીર અસર પડી શકે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગ મુજબ મહત્તમ તાપમાન 35.3 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 27.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારે 95 ટકા અને સાંજે 69 ટકા ભેજ હોવા છતાં વરસાદના અભાવે ઉકળાટભર્યું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે.

## વલસાડ, વાપીમાં સવારના સમયે ધોધમાર વરસાદી ઝાપટાં



**અંડરપાસ** અને માર્ગો પાણીમાં ગરકાવ થતાં પાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

વલસાડ: મેઘરાજાના આગમનને પગલે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી ગઈ છે, પરંતુ સાથે જ સ્થાનિક વહીવટી તંત્રની દાવાઓની પોલ પણ ખૂલી ગઈ છે. આજના વરસાદના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો, વલસાડ તાલુકામાં સવારના સમયે સારો એવો વરસાદ નોંધાયો છે. સવારે 6 થી 8 વાગ્યા સુધીના માત્ર બે કલાકના સમયગાળામાં જ વલસાડ તાલુકામાં ધોધમાર 28 મિમી વરસાદ ખાબક્યો હતો. વલસાડ તાલુકામાં સવારના ચાર કલાકમાં કુલ 30 મિમી વરસાદ નોંધાયો છે. બીજી તરફ, પાડોશી તાલુકા પારડીમાં પણ 14 મિમી, કપરાડા તાલુકામાં 16 મિમી, ધરમપુર તાલુકામાં 12 મિમી અને ઉમરગામ તાલુકામાં 1 મિમી વરસાદ નોંધાયો હતો. ચોમાસાના આ પહેલા જ વરસાદમાં વલસાડ નગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા ઉડી ગયા છે. માત્ર થોડા જ વરસાદમાં શહેરના મોગરાવાડી અંડરપાસમાં પાણી ભરાઈ ગયા હતા, આ ઉપરાંત, કૈલાસ રોડના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં તો આખેઆખા રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. વાપીમાં અચાનક વરસાદી માહોલ જામતા વાપી તથા આસપાસના વિસ્તારોના માર્ગો ઉપર ક્યાંક-ક્યાંક પાણી ભરાયેલા જોવા મળ્યા હતાં. બીજી તરફ શાળા-કોલેજ જનારા વિદ્યાર્થીઓએ છત્રી-રેઈનકોટનો સહારો લીધો હતો. પારડીમાં વરસાદના આગમનને પગલે સમગ્ર પંથકમાં વાતાવરણ આહલાદક અને ઠંડક ભર્યું બની ગયું છે.

**ખેરગામ તાલુકામાં 13 મીમી વરસાદ**

ખેરગામ: તાલુકામાં દિવસ દરમિયાન ૧૩ મીમી વરસાદ વરસ્યો હતો. ખેરગામ તાલુકામાં સોમવારના રોજ નોંધપાત્ર વરસાદ વરસતા માર્ગો પરથી પાણી વહેતા થઈ ગયા હતા અને કેટલીક જગ્યાએ પાણી ભરાયા પણ હતાં.

## ઋતુનો પ્રથમ વરસાદ પડતાં પર્યટન સ્થળ દમણમાં ઠંડક પ્રસરી

**મોટી** દમણ કિલ્લા ક્ષેત્રના રસ્તાઓ પર ભરાયા પાણી, લોકોએ હાડમારી વેઠી

દમણ: સંઘપ્રદેશ દમણમાં ઋતુના પ્રથમ વરસાદના આગમનથી ગરમીથી ત્રસ્ત બનેલા લોકોને ઠંડકની અનુભૂતી થતાં રાહત મળવા પામી છે. છેલ્લા ઘણા સમયથી અસહ્ય ગરમી અને બફારાના કારણે લોકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા હતા. ત્યારે વરસાદ વરસતા લોકોને મહદઅંશે રાહત મળી છે. આ તરફ પ્રથમ વરસેલા વરસાદને કારણે મોટી દમણ કિલ્લા ક્ષેત્રની અંદર આવેલા રસ્તાઓ પર વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા સુચારૂરૂપથી કાર્યાન્વિત ન થતાં વરસાદી પાણી રસ્તાઓ પર ફરી વળ્યા હતાં. જેના કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો



અને રાહદારીઓએ અગવડતાનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ વરસાદી માહોલ સક્રિય થતાં ખેડૂતોમાં પણ ખુશીની લહેર પ્રસરી જવા પામી છે. આગામી દિવસોમાં વાવણી લાયક સારો વરસાદ વરસે તેવી આશા ખેડૂતપુત્રો સેવી રહ્યા છે. આ તરફ પ્રશાસન દ્વારા 17 જૂનથી દમણના બન્ને દરિયામાં નાહવા અને તેની અંદર જવા પર પ્રતિબંધ લગાવ્યો છે.

## વલસાડમાં પ્રવેશોત્સવની જાણકારી QR કોડથી મળશે

**આજથી** શરૂ થશે પ્રવેશોત્સવ: આંગળીના ટેરવે મળશે માહિતી

વલસાડ: વલસાડ જિલ્લામાં આજથી ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શરૂઆત થશે. જેમાં આંગણવાડીથી લઈ ધોરણ

ગુજરાતમિત્ર વિશેષ

11 સુધીના 89,957 બાળકોને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાના પ્રયાસો હાથ ધરાશે. તો બીજી તરફ શિક્ષણના મહાઅભિયાનમાં આવનારા સનદી અધિકારીઓ, રાજકીય હોદ્દેદારોને તેમની મુલાકાતની શાળા, શિક્ષણની અને ગામની તમામ વિગતો ઉપલબ્ધ થાય તે માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડી.બી.વસાવા, નાયબ ડી.પી.ઓ. અર્જુન પટેલ અને તેમની ટીમ દ્વારા ખરા અર્થમાં ડિજિટલ ઈન્ડિયા સાથે ડિજિટલ વલસાડ સ્વપ્ન સાકાર કર્યું છે. શાળા પ્રવેશોત્સવમાં આવનારા અધિકારીઓ, રાજકીય હોદ્દેદારોને તેઓ જે શાળાની મુલાકાત લેવાના છે તે શાળા, ગામની તમામ વિગતો માટે શિક્ષણ વિભાગની ટીમ દ્વારા ક્યુ.આર.કોડ બનાવાયો છે.

**ક્યુ.આર.કોડમાં પૂરતી વિગતોનો સમાવેશ**

શાળાલક્ષી, વિદ્યાર્થીઓ, શિક્ષકો, ભૌતિક સુવિધાઓ, રમત મેદાન, ગામની વસ્તી, સાક્ષરતા દર, આરોગ્ય સહિતની સુવિધાઓ, આંગણવાડી, બાળકોની સિદ્ધિઓ, ગુણોત્સવ પરિણામો આટલી માહિતી ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

**682 પ્રાથમિક, 136 માધ્યમિક શાળામાં ઉજવાશે પ્રવેશોત્સવ**

કાર્યક્રમમાં 682 પ્રાથમિક શાળાઓ, 136 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે. જેમાં શાળાઓના 89957 બાળકોને મુખ્ય પ્રવાહ સાથે જોડાશે જેમાં આંગણવાડી 15679, બાલ વાટિકા 17452, ધો.1- 2530, ધો 6 -31319, ધો.9- 30102, ધો.11- 24194 બાળકોનો સમાવેશ થાય છે.

## નવસારીમાં રેશનિંગ દુકાનો પર તવાઈ: 20 લાખથી વધુનો દંડ

**જિલ્લા** પુરવઠાની ટીમે 9 દુકાનો પર આકસ્મિક ચેકિંગ કર્યું

નવસારી: જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા આંતર તાલુકા ટીમો બનાવી વિવિધ તાલુકાઓની વાજબી ભાવની દુકાનોમાં આકસ્મિક ચકાસણી હાથ ધરાતા અનેક સ્થળોએ અનાજના જથ્થામાં ગંભીર ગેરરીતિઓ અને વધ-ઘટ સામે આવી હતી. જેના પગલે જવાબદારોને રૂ.20 લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારીની ટીમો દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આવેલી નવ વાજબી ભાવની દુકાનોની અચાનક તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત મળેલી ફરિયાદોના આધારે પણ અલગથી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનેક દુકાનોમાં અનાજના જથ્થામાં તફાવત અને નિયમભંગના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા.

સૌથી મોટી કાર્યવાહી જલાલપોર તાલુકાના ડાભેલ-સિમલક ગામની વાજબી ભાવની દુકાન સામે કરવામાં આવી છે. અહીં અનાજના જથ્થામાં ગંભીર ગેરરીતિ સામે આવતા રૂ.7.93 લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને દુકાનનો પરવાનો કાયમી ધોરણે રદ કરવામાં આવ્યો છે. આ જ સંચાલક દ્વારા ચલાવવામાં આવતી ધામણ ગામની બીજી દુકાનમાં પણ રૂ.7.93 લાખની ગેરરીતિ સામે આવતા દંડ ફટકારવામાં આવ્યો છે. બંને દુકાનો સામે મળીને રૂ.15.87 લાખની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.

નવસારી શહેરના પાંચ હાટડી વિસ્તારમાં આવેલી દુકાનમાં અનાજના જથ્થામાં વધ-ઘટ જણાતા રૂ.3.76 લાખનો દંડ કરવામાં આવ્યો છે. જ્યારે ચીખલી તાલુકાના ઘોડવણી ગામમાં આવેલી દુકાન સામે રૂ.60,479, વાંસદા તાલુકાના સીતાપુર ગામમાં રૂ.45,830, નવસારી ગ્રામ્યના દાંતેજ ગામમાં રૂ.2,811 અને ખેરગામ તાલુકાના કાકડવેરી ગામમાં રૂ.4,152નો દંડ ફટકારવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ થયેલી આ કાર્યવાહીને જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

## વલસાડમાં સોશિયલ મીડિયા પર પોલીસને ગાળો ભાંડનારો પકડાયો

**કાયદાના** રક્ષકો વિરુદ્ધ વાંધાજનક ઓડિયો વાયરલ કર્યો હતો

વલસાડ: વલસાડમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ગુજરાત પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ વિરુદ્ધ અત્યંત વાંધાજનક અને અશ્લીલ વાતો બોલી તેનો ઓડિયો વાઈરલ થયો હતો. મળતી માહિતી મુજબ, ગત ૧૯ જૂન ૨૦૨૬ના રોજ સોશિયલ મીડિયા મોનિટરિંગ દરમિયાન પોલીસના ધ્યાને આવ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ પર '@valsad^publish^chor^bhikhari' નામની પ્રોફાઈલ પરથી બે ઓડિયો ક્લિપ અપલોડ કરવામાં આવી હતી. આ ક્લિપ્સમાં વલસાડ જિલ્લા પોલીસ તેમજ ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ વિરુદ્ધ અત્યંત બીભત્સ ભાષાનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

ટેકનિકલ સેલની ઊંડાણપૂર્વક સોશિયલ મીડિયા તપાસમાં ખુલાસો થયો છે કે, ૧૩ જૂન ૨૦૨૬ના રોજ રાત્રિના સમયે વેજલપોરથી ગુંદલાવ જતા જાહેર રોડ પર આ ગુનાહિત કૃત્ય આચરવામાં આવ્યું હતું. આરોપી પ્રતિક સુરેશભાઇ પટેલ (ઉ.વ. ૨૫, રહે: છપ્પન નગરી, કૈલાસ રોડ, વલસાડ) નામના યુવકે એક યુવતીના મોબાઈલ નંબર પર ઓટીપી મેળવીને આ વિવાદાસ્પદ ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવ્યું હતું.

**જે યુવતીના મોબાઇલનો ઉપયોગ થયો હતો તેણે આપઘાત કર્યો**

વલસાડ પોલીસ વિરુદ્ધ અશ્લીલ શબ્દો બોલી ઓડિયો વાઇરલ કરવાની ઘટનામાં પ્રતીકે એક યુવતીના મોબાઇલનો ઉપયોગ કરી ઈન્સ્ટાગ્રામ આઇડી બનાવ્યો હતો. આ વિગતો બહાર આવ્યા બાદ યુવતીએ આપઘાત કરી લીધો હતો. જેના કારણે ભારે ચકચાર મચી ગઇ છે. પોલીસ આ ઘટનામાં તપાસ કરી રહી છે. જેની વધુ માહિતી પોલીસ તપાસમાં બહાર આવશે.

## નવસારીમાં મૃતપશુના નિકાલમાં વિલંબથી રોગચાળો ફેલાવવાની ભીતિ

**માથે** ચોમાસું હોવાથી ગંદકીના કારણે રોગચાળાનો અજગર ભરડો થવાની સ્થાનિકોને ચિંતા

નવસારી: નવસારી શહેરના બંદર રોડ નજીક આવેલા ડમ્પિંગ સાઈટ વિસ્તારમાં ગૌવંશના મૃતદેહોના સમયસર નિકાલ ન થતાં સ્થાનિકોમાં ભારે ચિંતા અને નારાજગી જોવા મળી રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી ગૌવંશના મૃતદેહો ખુલ્લામાં પડ્યા હોવાથી સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના કારણે આસપાસના રહેવાસીઓ અને ત્યાંથી પસાર થતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાની ઋતુ દરમિયાન આવી સ્થિતિ વધુ ચિંતાજનક બની શકે છે. મૃતદેહોના કારણે મચ્છર, જીવાતો અને અન્ય રોગચાળો ફેલાવાનું જોખમ વધતું હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જાહેર આરોગ્ય અને સ્વચ્છતા સાથે સીધો સંબંધ ધરાવતા આ મુદ્દે સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સ્થાનિક નાગરિકોનું કહેવું છે કે ગૌવંશના મૃતદેહોનો યોગ્ય અને સન્માનજનક નિકાલ થવો જોઈએ.

## 10 વર્ષથી ફરાર આરોપી મધ્યપ્રદેશમાંથી ઝડપાયો

નવસારી: નવસારી ગ્રામ્ય પોલીસ મથકમાં વર્ષ 2013 દરમિયાન પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં સંડોવાયેલા પપ્પુ બુચ્ચું વસુનિયાની શરૂઆતમાં ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં તે જામીન પર મુક્ત થયો હતો. જામીન મળ્યા બાદ આરોપીએ કોર્ટમાં હાજરી આપવાનું બંધ કરી દીધું હતું અને સતત ગેરહાજર રહેતા અદાલતે તેની સામે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. કોર્ટના આદેશ બાદ આરોપીને શોધી કાઢવા માટે વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. નવસારી કોર્ટ દ્વારા એલસીબીના પીઆઈ વી.જે. જાડેજાને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ આરોપીની શોધખોળ તેજ કરવામાં આવી હતી. આરોપી મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં હોવાની માહિતી મળી હતી. પોલીસે તેને ત્યાંથી દબોચી લીધો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી પોતાની ઓળખ છુપાવી ગુજરાત અને મધ્યપ્રદેશના વિવિધ વિસ્તારોમાં મજૂરી કામ કરી રહ્યો હતો.


**વેચાણ અંગેની જાહેર નોટીસ**

જી.નવસારી, તા.ચીખલી, **મોજેગામ.જોગવાડ**, માં આવેલ રે.સ નંબર ૩૭૭ (જુનો), ૩૦૪ (નવો), ખાતા નં.૪૭૩, જેનું સુમારે ક્ષેત્રફળ ૧-૦૪-૦૯ (હે.આરે.ચો.મી.) આકાર-રૂા.૧૨.૬૫પૈસા, સત્તાપ્રકાર - જુની શરતની ખેતીલાયક જમીન તથા તેને લાગતા વળગતા અંદર તથા બહારના રાસુકા વપરાશી હકકો સહિતની જમીનના માલિક, મુખત્યાર, કબજેદાર તરીકે **(૧) આયશા તે મુસ્તાકઅહમદ હશનની વિધવા (૨) મહમદ અસમાલ મુસ્તાક અહમદ (૩) ઐયુબ મુસ્તાકઅહમદ (૪) ફારૂક મુસ્તાક અહમદ (૫) આરીફ મુસ્તાકઅહમદ તથા (૬) ફાતેમા મુસ્તાક અહમદ વિગેરેના કુ.મું ઈસ્માઈલ મોહમદ સીદાત રહે.જુના પટેલ ફળિયા, ચાંપલધારા, તા.વાસદા, જી.નવસારી** ના નામે તમામ સરકારી રેવન્યુ રેકર્ડ દફતરે માલિક-કબજેદાર તરીકે નોંધાયેલ તથા ચાલી આવેલ છે. જે ખેતીલાયક જમીન હમારા અસીલ **સાદીક સુલેમાન ઘોડાવાળા** વિગેરે ખરીદ કરવા માંગે છે અને સદર મિલકત માર્કેટેબલ કલીયર હોવાનું હાલના માલીકો એ જણાવેલ છે. જેથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે સદર મિલકત પર જો કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા કે પેઢી વિગેરેનો કોઈપણ પ્રકારનો કહેવાતો માલિકી, કબજો, લાગભાગ, હકક-હિસ્સો, બોજો લોન, લીયન કે અલાખો વિગેરે ધરાવતા હોય તો તેમણે **આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં તે અંગેના તમામ લેખિત આધારભુત અસલ દસ્તાવેજી પુરાવાઓ સહિત નીચેના સરનામે રૂબરૂ રજુ કરવા.** જો તેમ કરવામાં નહિ આવે તો મુદત વીત્યેથી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયર અને વેચવાપાત્ર હોય તેમ માનવામાં આવશે અને તેઓ સદર મિલક્તના કાયદેસરનાં માલિક-કબજેદાર-ભોગવટેદારની રૂએ/હેસીયતે સદરહુ મિલકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરશે. જેથી મુદત વીત્યે કોઈનો કોઈપણ પ્રકારનો કેસ, અરજી, ફરિયાદ, દાવા-દુવી, તર-તકરાર કે વાંધા-વિરોધ ચાલશે નહી તે સ્પષ્ટ જાણવું જેની તમામ લાગતા-વળગતા સર્વેએ નોંધ લેવી.

સ્થળ:

તારીખ: ૨૨-૦૬-૨૦૨૬

જમીન માલીક ક્રમ નં. ૧ થી ૬ વતી તેમના કુલમુખત્યારની સહી - ઈસ્માઈલ મોહમદજી સીદાત

મજકુર અસીલની સુચના અને ફરમાઈશથી મારી મારફત,

**સલમાન એન. શેખ** (એડવોકેટ)

રહે. મુ.પો. ઈટાળવા, વરાછા ફળિયુ, તા. પલસાણા, જી. સુરત. મો.: ૮૭૫૮૨ ૬૮૧૮૨



**વેચાણ અંગેની જાહેર નોટીસ**

જત અમારા અસીલ તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

| ગામ/તાલુકો/જિલ્લો | બ્લોક નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|
| મહુવા/મહુવા/સુરત | ૧૫૩ | ૪-૭૩-૨૮ |
| મહુવા/મહુવા/સુરત | ૧૬૪ | ૧-૨૪-૮૬ |

ઉપરોકત બ્લોક નંબર : ૧૫૩ વાળી જમીન **અલ્લામોદીન કાલુભાઈ લાકડાવાલા, મોહમદ આદિલ અલ્લામોદીન, આબિદ અલ્લામોદીન, સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા ના નામે ચાલે છે. તથા બ્લોક નંબર : ૧૬૪ વાળી જમીન સલીમભાઈ કાલુભાઈ લાકડાવાલા, અનિશાબીબી સલીમભાઈ લાકડાવાલા, ઓમાન સલીમભાઈ લાકડાવાલા** ના નામે ચાલે છે. તેમણે સદરહુ મિલકત પોતાની કુલ માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી મજકુર મિલકત અમોના અસીલને કિમતી અવેજના બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક-હિત-હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપરા કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લિયન યા કોઈ પણ દર-દાવો નથી કે સંબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ. અને કરવા કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

**ઓફીસ : યુ-જી-૨૪, ફર્સ્ટ ફલોર, શ્યામ આર્કેડ, મણીનગર, કડોદરા, તા.પલસાણા, જિ.સુરત મો. ૯૭૨૭૩૩૪૦૬૭**

**આર બી. સોડલા**
એડવોકેટ



**અસલ કબજા રસીદ/વેચાણ કરાર ગુમ થયા અંગેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તમામને તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસી હાલ સુરત સીટી શહેરનાં મહાનગરપાલીકાની હદમાં સમાવેશ મોજે ગામ **કતારગામના રે.સ.નં. ૧૧૨/૧-૨** પૈકી થી નોંધાયેલ જમીન ઉપર આયોજીત **''નંદનવન સોસાયટી''** માં આવેલ કુલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૫૧** જેનું ક્ષેત્રફળ સુમારે **૪૦.૬૮ ચો.મી. (જેનો મ્યુ. ટેના. નં. ૧૯એફ-૨૯-૨૮૫૧-૦-૦૦૧ તથા ૦૦૨)** જમીન તથા તેના પર ચાલી આવેલ **સંપુર્ણ બાંધકામ** વાળી મિલકત. તે મિલકત **(૧) ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ દેવગાણીયા તથા (૨) કેવલ ગોરધનભાઈ દેવગાણીયા** ની માલીકીની ચાલી આવેલ છે, ઉપરોકત મિલકતની ઉત્તરોતર ફાઈલો પૈકી રમેશભાઈ લવજીભાઈ પટેલ નાઓએ ખરીદ કરેલ ત્યારથી તથા મુળ ફાઈલ જમીન માલીક (૧) નાથુભાઈ વલ્લભભાઈ દેસાઈ વિગરે પાસેથી ખરીદ કરેલ હોય તે ઉત્તરોતર વચ્ચેની ફાઈલો અસલ કબજા રસીદ વેચાણ કરારો તથા તેને લગતા અન્ય પેર્પસ તેમના કબજામાંથી ગેરવલ્લે યાને ગુમ થયાનું તેઓ જણાવે છે. આથી સદરહું મિલકત બાબતે કોઈને કોઈપણ જાતનો વાંધો-વિરોધ, લાગ-ભાગ, માલિકી હકક, હિત, હિસ્સો, ચાર્જ, બોજો, લોન કે લીયન હોય તો તેમણે, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૮ ની મુદતમાં પુરાવા સહિત હમારો સંપર્ક કરવો. નહી તો હરકોઈના કોઈપણ હકક, હિત ન હતા અને નથી અને હોય તો છોડી દીધેલ યાને જતા કરેલા છે. તેમ માનીને હમારા અસીલ ઉપરોકત સદરહું મિલકતને લગતા લેખીત કરારો કરાવી આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો કે વાંધો -વિરોધ ચાલશે નહી. જેની જાહેર જનતાએ તેની ગંભીર નોંધ લેવી.

સ્થળ : સુરત. તારીખ: ૧૩-૦૬-૨૦૨૬

**ઓફીસ: ૧૬૧, ૧૬૨, કેદાર બિઝનેશ સેન્ટર, બાપા-સીતારામ ચોક, ડભોલીરોડ, કતારગામ, સુરત મો.નં. ૯૦૯૯૧૦૧૬૩૨**

**નિતેશ યુ.વ્યાસ**
તે ખરીદનાર એડવોકેટ



**ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ**

નીચે જણાવેલી જમીન **શ્રીમતી મીનાક્ષી તે કિશોરકુમાર મગનલાલની ધણીયાણી, શ્રી કીરીટભાઈ મગનભાઈ, શ્રીમતી મેઘનાબેન કીરીટભાઈ, શ્રીમતી સોનલબેન કીરીટભાઈ, શ્રીમતી ડીમ્પલબેન કીરીટભાઈ, શ્રી સંદીપકુમાર કિશોરભાઈ પટેલ, શ્રીમતી કવીનાબેન તે કિશોરભાઈ મગનભાઈ પટેલની પુત્રી તથા મનિષકુમાર પટેલની પત્ની,** રહે.: સોંસક, ઓલપાડ, સુરતના પોતાની સહિયારી અને સંપુર્ણ માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. આ વેચાણ વ્યવહાર અંગે મુળ જમીન માલીકોના વારસો સહીત જો કોઈને વાંધો યા તર-તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક-હીત-હીસ્સા-અધિકારો હોય તો તેવા વાંધા યા તર-તકરાર અને હકક-હીત-હીસ્સા-અધિકારો બાબતનાં કાયદેસરનાં પુરાવાઓ લઈને નીચેનાં સરનામે **દિન ૧૦ (દશ)** માં રૂબરૂ મળી જવું. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો તેવા હકક-હીત-હીસ્સા-અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી, અને જો હોય તો તે જતા કરેલા છે, તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર-તકરાર નથી એવુ શુધ્ધબુધ્ધિપુર્વક માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. અને ત્યારબાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક-હીત-હીસ્સા-અધિકારો, વાંધા કે તકરાર ચાલશે નહિં. જેની નોંધ લેશો.

જમીન: સુરત જીલ્લો, ઓલપાડ તાલુકો, મોજે ગામ સોંસક ના **રે.સર્વે નં.: ૫૧/૧/૨/૩, ૫૦/૧, બ્લોક નં.: ૯૩** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે **૮,૩૯૭ સમ ચો.મીટર** તથા જેનો આકાર રૂ. ૧૧.૪૪ પૈસા થાય છે, તે વિગતની ખેતીની જમીન પૈકી વગર-વહેંચાયેલા અડધા હિસ્સાની **સુમારે ૪૧૯૮.૫ સમ ચો.મીટરના ક્ષેત્રફળ વાળી** જમીન.

**૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે, અડાજણ ચાર રસ્તા, સુરત સમય સવારે ૧૦ થી સાંજે ૦૭**

**અસીલની સુચનાથી**
**જીજ્ઞેશ પી. પીસાદીયા** (એડવોકેટ એન્ડ નોટરી)
**રોમા દિલીપભાઈ પટેલ,** (એડવોકેટ)